ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ / 399 તા. 7 MAY 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
હિરામણી આઈસ ફેક્ટરી,
શ્રીજી પાર્ક,બ્લોક નં. ૯,
જી.આઈ.ડી.સી. મેઇન રોડ,પોરબંદર
જી. :પોરબંદર, પીનકોડ. :૩૬૦૫૭૭ મોબાઈલ :૯૩૧૩૪૬૬૯૯૬

વિષય : અમારી ફેક્ટરી માં ખોટી રીતે અપાયેલ સુઓમોટો અંગે એલ.ટી. એમ.ડી. માંથી એચ.ટી. જોડાણ કરાવવા સામે વાંધા બાબત.

સંદર્ભે : હિરામણી આઈસ ની રજુઆત તારીખ: ૦૪.૦૩.૨૦૨૨

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૫૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, પોરબંદર શહેર

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર, પોરબંદર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં.: ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/પ૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ 397 તા. 7 MAY 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG –૫૨/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી હિરામણી આઈસ ફેક્ટરી, ગામ – પોરબંદર

સબડીવીઝન: કિર્તીમંદિર, પોરબંદર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: મંગળવાર (૧૯-૦૪-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૦૪-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા અરજદાર શ્રી ના પ્રતિનિધી તરીકે સન્ની જગદીશભાઈ ગોહેલ તેમજ જીઆઈડીસી એસોસીએશન ના સેક્રેટરી શ્રી ધીરુભાઈ કકકડ પણ રજુઆત કરવા માટે હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, પોરબંદર જી.આઈ.ડી.સી. માં અમારું યુનિટ હિરામણી આઈસ ફેક્ટરી ગ્રાહક નં. ૮૫૯૦૧/૦૧૧૯૨/૯ થી ૧૦૦ કિલોવોટ નું એલ ટી એમ ડી કનેક્સન ધરાવીએ છે અમોને પી.જી.વી.સી.એલ દ્વારા એકાએક કોઇપણ જાત ની જાણ કર્યા વગર અમોને રૂ. ૫૭૩૫૪૪/- નું એરીયશ બીલ આપવામાં આવેલ છે.આ બીલ અમોને એવું કહી ને ફટ કારવામાં આવેલ છે કે

તમો દ્વારા કરારીત વીજભાર થી વધુ વપરાસ કરેલ હોઈ અમોને આ અંગે નું એસ્ટીમેટ આપી સીધી જ આ રકમ બીલ માં ચડાવી આપેલ છે પરંતુ અમારે આવા એચ ટી કનેક્સન ની કોઈ જરૂરિયાત નથી અમે ખુબ નાના ઉદ્યોગકાર હોઈ છેલ્લા ૧૫ વર્ષ થી આ યુનીટ ચલાવ્યે છે આવું કોઈ દિવસ બનેલ નથી પરંતુ સંજોગોવસાત ૨-૩ વખત વધુ લોડ લેવાયેલ છે હવે આ લોડ વધુ આવશે નહિ તેની પણ અમો ખાતરી આપીએ છે આ અંગે નો વધારાનો ફિક્સ ચાર્જ ભરવાનો થતો હોઈ તો તે પણ ભરવા અમો સહમત છે આ અંગે રાજકોટ ફોરમ દ્વારા આવું એક જજમેન્ટ પણ અપાયેલ હોઈ તેની નકલ પણ આ સાથે સામેલ રાખેલ છે જે વંચાણે લઈ આ અંગે અમોને ન્યાય આપવા આપ સાહેબ ને અરજ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અત્રેની વિભાગીય કચેરી હેઠળની ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરીના વીજ ગ્રાહક નિર્મલાબેન જગદીશભાઈ ગોહેલ, હીરામણી આઈસ ફેક્ટરી ગ્રાહક નંબર ૮૫૯૦૧/૦૧૧૯૨/૯ LTMD ૧૦૦ KW દ્વારા સદર વીજ જોડાણ વાળા મીટરમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૪ વખતથી વધુ વખત Excess MD નોંધાતા ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી નોટીસ આપેલ અને ત્યારબાદ અત્રેની કચેરી દ્વારા LT TO HT માં કન્વર્ઝન કરવા માટે જરૂરી Estimate ઇસ્યુ કરતા વીજ ગ્રાહક દ્વારા CGRF સમક્ષ તા.૦૭.૦૩.૨૦૨૨ ના રોજ રજૂઆત કરેલ છે. આમ, આ કેસની સમગ્ર સત્ય હકીકત નીચે મુજબ છે.ગ્રાહકના LTMD વીજ મીટરમાં નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ ના એપ્રીલ-૨૦,ઓગસ્ટ-૨૦,સપ્ટેમ્બર-૨૦, ઓક્ટોબર-૨૦, ડીસેમ્બર-૨૦, જાન્યુઆરી-૨૧, માર્ચ-૨૧ માં અનુક્રમે 105 KW, 108 KW, 111 KW, 111 KW, 103 KW, 103 KW, 102 KW, નો વીજભાર નોંધાયેલ હતો. તેમજ નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨ ના મેં-૨૧, ઓક્ટોબર-૨૧, નવેમ્બર-૨૧ માં અનુક્રમે 104.5 KW, 112.2 KW, 109.7 KW, નો વીજભાર નોંધાયેલ હતો.પેટા વિભાગીય કચેરી દ્વારા આખરી રજી.એડી. નોટીસ પત્ર ક્રમાંક UNSD/REV/LTMD/LE/235 Dt.10.05.2021 ના રોજ તેમનો જરૂરી લોડ વધારો કરી લેવા જરૂરી નોટીસ આપેલ હતી. પરંતુ ગ્રાહક દ્વારા તેમનો લોડ રેગ્યુલરાઇઝ કરવા માટે કોઈ જ દરકાર લીધેલ નથી.

3.૧ વર્તુળ કચેરીના પત્ર ક્રમાંક SEP/Tech-1/HT/2515 Dt.20.11.2021 LT TO HT કન્વર્ઝન માટે જરૂરી મંજુરી મળેવેલ છે.ત્યારબાદ PCD/Tech/LTMD TO HT/SUO MOTO/587 તારીખ ૦૨.૧૨.૨૦૨૧ ના રોજ જરૂરી Estimate Rs. 573544.00 ગ્રાહકને આપવામાં આવેલ. જે ગ્રાહક દ્વારા ભરપાઈ ન કરતા Feb-2022 ના રોજ વીજબિલમાં Debit કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.૦૭.૩.૨૦૨૨ના રોજ ગ્રાહક દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર જૂનાગઢને રજૂઆત કરેલ છે. સદર ગ્રાહકની માનનીય ફોરમને તા. ૦૭.૦૩.૨૦૨૨ થી કરેલ લેખિત રજૂઆત મુજબ તેઓ હવે વધારાનો વીજ ભાર વાપરશે નહિ તેની ખાતરી આપે છે અને આ અંગેનું જે કાઈ વધારાનો ફિક્સ ચાર્જ ભરવાનો થતો હોય તે ભરવા સહમતી દર્શાવેલી છે. આથી તાજેતરમાં નિગમિત કચેરી તરફથી મળેલ પરિપત્ર નંબર PGVCL/R & C/1910 Dt.19.03.2022 મુજબ કાર્યવાહી કરવાનું આથી નામદાર ફોરમને વિનંતી કરવામાં આવે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ શ્રી હિરામણી આઈસ ફેક્ટરી ( નિર્મળાબેન જગદીશ ગોહેલ) ના નામે ગ્રાહક નં. ૮૫૯૦૧/૦૧૧૯૨/૯ થી ૧૦૦ KW નું LTMD વીજજોડાણ ધરાવે છે તેઓને સક્ષમ અધિકારી પાસેથી મંજુરી મેળવી તા.૦૨-૧૨-૨૦૨૧ થી રૂ.૫૭૩૫૪૪/-નું અંદાજપત્ર આપવામાં આવેલ છે.તેમજ અરજદાર શ્રી ની રજુઆત મુજબ તેઓને આ અંગેની પીજીવીસીએલ દ્વારા કોઈ નોટીસ મળેલ નથી તેમજ અંદાજપત્ર ની રકમ તા. ૧૫.૦૨.૨૦૨૨ ના બિલ માં ચડી ને આવેલ ત્યારે તા. ૧૬.૦૨.૨૦૨૨ ના રોજ અંદાજપત્ર તથા નોટીસ રૂબરૂ આપેલ છે,સદર અંદાજપત્ર અન્યાય કર્તા હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરેલ લેખિત રજૂઆત તા.૧૯-૦૪-૨૦૨૨ મુજબ અરજદાર ગ્રાહક નં. ૮૫૯૦૧/૦૧૧૯૨/૯ થી ૧૦૦ KW નું LTMD કનેક્શન ધરાવે છે. સદર વીજજોડાણમાં નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ માં પ્રતિમાસ મહત્તમ ડિમાન્ડ, કરારિત ડિમાન્ડ કરતા વધુ વખત વીજવપરાશ કરેલ હોય સદર ગ્રાહકને સમયાંતરે લેખિત નોટીસ તા.૨૪-૦૩-૨૦૨૧ અને તા.૧૦-૦૫-૨૦૨૧ થી અપાયેલ છે. જે અન્વયે ગ્રાહક દ્વારા તેઓના વીજજોડાણ માં કરારિત વીજભારમાં વધારો કરવાની કોઈ કાર્યવાહી કરેલ ન હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા સુઓ-મોટો એસ્ટીમેટ તા.૦૨-૧૨-૨૦૨૧ થી આપેલ છે.જેની રકમ રૂપીયા ૫૭૩૫૪૪/- થાય છે. પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ સદર ભાવપત્રક ગ્રાહક દ્વારા ભરપાઈ કરાયેલ નથી. સદર બાબતે ગ્રાહક દ્વારા અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે તે મુજબ તેઓના યુનીટમાં મશીનરી ઓછી કરેલ હોવાથી સરેરાશ વપરાશ ઓછો આવેલ છે. તેમજ વધુ વીજભારની જરૂરીયાત ન હોવાથી આપેલ ભાવપત્રક રદ ગણીને જે કઈ મીનીમમ ચાર્જ ભરપાઈ કરવાનો થશે તે ભરપાઈ કરવા સહમતી બતાવેલ છે.

૪.3 અરજદારના સદર વીજજોડાણમાં કરેલ વીજવપરાશ મુજબ નોંધાયેલ મહત્તમ બિલીંગ ડિમાન્ડ પી.આર.ટી.-૧૪૫ મુજબ નાણકીય વર્ષ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં નીચે મુજબ નોંધાયેલ છે.

| Consumer No.:85901/01192/9, Maximum Actual Demand / Billing Demand in KW | | | |
|---|---|---|---|
| Month | Year 2020-21 | Month | Year 2021-22 |
| Apr | 105 | May | 105 |
| Aug | 108 | Oct | 112.5 |
| Sep | 111 | Nov | 110 |
| Oct | 111 | Feb | 110 |
| Dec | 103 | | |
| Jan | 103 | | |
| Mar | 102 | | |

૪.૪ ઉપરોક્તબાબતે નામદાર GERCના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૯૫ નીચે મુજબ છે. "In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand......."

વધુમાં પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાનમાં રહેલ ગાઈડલાઈન પત્ર નં – પી.જી.વી.સી.એલ./ આર.એન્ડ.સી./ ૧૯૧૦ તા.૧૯-૦૩-૨૦૨૨ મુજબ "... Some of the LT Consumers whose contract demand exceed by 5 % or more for four times, during previous financial year and such consumers have either controlled their demand or agreed to undertake that they will consume within their contracted demand...

..... In such cases, we may allow such consumers with their current contract demand or contract demand within 100 KW by recovering differential fixed / demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code ...... Afterwards, on single instance of excess drawl than contract demand, consumer has to regularize its contract demand. "

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ અને ૪.૪ મુજબ અરજદાર દ્વારા કરારીત વીજભાર ૧૦૦ KW કરતા - મહતમ વીજવપરાશ (૧૦૫ KW કરતા વધારે) થવા ના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ માં પણ નોટીફીકેશન નં. – ૦૪/૧૫ ના મુદ્દા નં - ૪.૯૫ નું ઉલ્લંઘન કરેલ જણાય છે. પી.જી.વી.સી.એલ. દ્વારા સદર બાબતે અરજદારનો વીજભાર નિયમિત કરવા અંગે તા.૧૦-૦૫-૨૦૨૧ દ્વારા નોટીસ આપેલ છે પરંતુ ત્યારબાદ કોઈ કાર્યવાહી કરાયેલ હોય તેના આધાર પુરાવા રજુ કરેલ નથી જે કંપનીની નાણાકીય / ટેકનીકલ બાબત સાથે સંકળાયેલ હોય ખુબજ ગંભીર બાબત છે. અરજદાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ તથા ૨૦૨૧-૨૨ દરમ્યાન કરારીત વીજભાર કરતા ૫% થી વધારે ૦૫ (પાંચ) કે તેથી વધુ વખત મહતમ વીજભાર વીજવપરાશ કરેલ હોય - સદર બાબતોને ધ્યાનમાં રાખીને પી.જી.વી.સી.એલ. દ્વારા આપવામાં આવેલ સુઓમોટોનું એસ્ટીમેટ નિયમને સુસંગત છે.

૪.૬ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ ના ઉલ્લંઘન બાબતે પી.જી.વી.સી.એલ. કંપનીના પ્રવર્તમાન પત્ર નં - પી.જી.વી.સી.એલ./ આર.એન્ડ.સી./ ૧૯૧૦ તા.૧૯-૦૩-૨૦૨૨ મુજબ અરજદાર શ્રી ની મૌખીક રજુઆત મુજબ તેમનો કરારીત વીજભાર કરતાં ઓછો વપરાશ કરવામાં આવશે તેવી લેખિતમાં બાહેંધરી લેવી. આ સંજોગોમાં અરજદારની રજૂઆત મુજબ તેઓને વધારે વીજભારની જરૂરીયાત ન હોવાથી તેમજ મીનીમમ ચાર્જ ભરપાઈ કરી આપીશું તેમ લેખિતમાં તેમજ સદર કેસની સુનાવણી દરમ્યાન મૌખિક રજૂઆત કરેલ છે. સદર બાબતોને ધ્યાનમાં સદર ગાઈડલાઈનમાં કરાયેલ જોગવાઈ મુજબ અરજદારે જરૂરી બાહેંધરી આપવાની રહેશે

તેમજ બે વર્ષનો મીનીમમ ચાર્જ આ હુકમની તારીખથી દિવસ-30 માં ભરપાઈમાં કરવાનો રહેશે, અન્યથા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબ પી.જી.વી.સી.એલ. પક્ષકારની સક્ષમ કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધઃ-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯